Volume-4, Issue-11, November 2017 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# ભારતમાં ઉજવાતા વિવિધ વ્રત અને ઉપાસના તથા ભારતીયોની આસ્થા

**ડૉ. વનરાજસિંહ ચાવડા**

**એમ.એ., પી.એચ.ડી.**

***Abstract:*** *મૂળ વેદથી શરૂ કરી આજ દિન સુધી જ્યાં જ્યાં શક્તિવાદનું ચિંતન છે તે જોવા જણાશે કે હિંદુ ધર્મમાં અનેક સંપ્રદાયો અને પંથો હોવા છતાં, તે બધામાં શક્તિવાદ એવો તો વણાઈ ગયો છે કે હિંદુધર્મનો પ્રાણ જો કોઈ હોય તો તે 'શક્તિ' સ્વીકાર્ય છે. જેમાં પૌરુષ ભાવથી દેવનું યજનપૂજન થાય છે. ત્યાં તે તે દેવની અર્ધાંગના રૂપે શક્તિનો સ્વીકાર છે.*

*શક્તિ એટલે કાર્ય કર્તૃત્વવાળું ચેતનબળ, શકતિને બ્રહ્મ વસ્તુનો અંતર્ગામી અને બહિર્ગામી ધર્મ છે, બ્રહ્મવસ્તુ તે ધર્મી છે. વસ્તુને ધર્મ તરીકે વિચારીએ તો શક્તિની ભાવના પ્રકટ થાય છે. ધર્મી તરીકે વિચારતાં શિવની ભાવના પ્રકટ થાય છે. તેથી શિવસ્વરૂપ શક્તિનો આશ્રય લીધા વગર આ બાબત સમજાતી નથી. જેમ ન્યાય વૈશેષિકમાં ગુણોના આધાર તરીકે દ્રવ્ય પદાર્થ છે, સાંખ્યોમાં સત્વાદિ ગુણત્રતના સામ્યથી જ પ્રકૃતિ પદાર્થ છે, વેદાન્તીઓમાં માયાના સંબંધ વડે જ સુગુણ ઈશ્વરનો ભાવ પ્રકટે છે તેમ શૈવો અને શક્તિમાં શક્તિથી જ શિવનું શિવત્વ, અને શક્તિનું સૌભાગ્ય ઘડાયું છે.*

***Keywords:*** *ધર્મ, વ્રત, તહેવાર, ઉપાસના, આસ્થા*

## ૧.૧ પ્રસ્તાવના

શાક્ત સિધ્ધાંતમાં સ્ત્રીની મહત્તા તેના ભોગપણ પર નહીં, પરંતુધારણ અને પોષક આપનારા સ્વભાવ પર રહેલી છે, સાક્તવાદના મર્મો સ્ત્રીમાં ભોગભાવમાં નથી, પરંતુ મૂલવસ્તુના ઊંડા પૂજ્યભાવમાં રહેલા છે.૧૧ જ્યાંથી શાક્તસંપ્રદાયમાં ઉપાદન કારણ એટલે અધિકરણના બલ પર ભાર મૂકવામાં આવે છે, ત્યાંથી સચેતન સ્ત્રી શરીર પૂજ્યતાનો આધાર બન્યો. આ પૂજ્યતાને સાક્તો ત્રણ ભાવમાં દર્શાવી આચારમાં મૂકે છે. પ્રથમ ભાવ તે કૌમારી, દિવ્યશક્તિના બાલાના રૂપમાં, જેમાં ઈચ્છાશક્તિનું પ્રાધાન્ય, બીજો ભાવ સુભગા, સુંદરીના રૂપમાં જેમાં ક્રિયા શક્તિનું પ્રાધાન્ય, ત્રીજો ભાવ તે માતા-જે કાલીના રૂપમાં તેમાં જ્ઞાનશક્તિનું પ્રાધાન્ય રહેલ છે. આ પ્રમાણે શક્તિની ઉપાસના શાક્તોએ સમજાવી છે.

સર્વ વર્ણનોમાં કૌમારી, ગૃહિણી અને જનની આ વ્રત પવિત્ર ભાવોની ખીલવણી કરવામાં આવી છે. ઉપરાંત દુર્ગાની ભાવનામાં મહાપરાક્રમી સ્ત્રી તરીકે તેનું ચારિત્ર આલેખાયું છે.

શક્તિની ઉપાસનાના કુમારી, ગૃહિણી અને જનનીના ભાવોમાં જે સાધનો સિધ્ધિ મેળવે છે તેઓ શિવ-શક્તિના પરમ સામરસ્યને જાણકાર છે.

## ૧.૨ ઉપાસનાનું સ્વરૂપ

શાક્ત સંપ્રદાય શૈવધર્મ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. મહાભારતમાં ઉમાને દુર્ગાનું નામ આપી છે તેને શિવની અર્ધાંગિની બતાવેલ છે. શિવની જેમ શક્તિના પણ સૌમ્ય અને ઉગ્રરૂપ મનાવા લાગ્યા. ઉપરાંત કામપ્રધાન રૂપ પણ કલ્પવામાં આવ્યું હતું. સાધારણ જનસમાજમાં દેવીના સૌમ્ય રૂપોની પૂજા પ્રભાવિત થઈ. ઉમા, પાર્વતી, લક્ષ્મી અને દેવીના સૌમ્ય રૂપોને પ્રગટ કરે છે. રૌદ્ર સ્વરૂપ માટે દુર્ગા, ચંડી, કપાલી વગેરે. જ્યારે દેવીના કામપ્રધાન રૂપની પૂજા તાંત્રિક શાક્ત સંપ્રદાય દ્વારા કરાવવામાં આવતી. એમાં શક્તિરૂપે આ દેવીને આનંદ ભૈરવી, ત્રિપુરા સુંદરી અને લલિતાં જેવાં નામોથી સ્મરવામાં આવી. શક્તિના આ વિવિધ સ્વરૂપોની પૂજાનું વિધાન તંત્ર સાહિત્યમાં ખુબ વિસ્તારથી અપાયું છે.

ભારતમાં શક્તિને માતૃસિધ્ધાંત સાથે સાંકળવમાં આવે છે. તેથી સ્વાભાવિક રીતે શક્તિનો સંપ્રદાય માતૃદેવીના સંપ્રદાય સાથે ઐક્ય ધરાવે છે. આ શક્તિ એ સ્ત્રી સ્વરૂપ છે એવી ભાવના ભારતીય અને બીજા સમાજોમાં પ્રવર્તી. ભારતના બધાજ ધાર્મિક સંપ્રદાયોમાં શક્તિનો ખ્યાલ અગત્યનો ગણાય છે. સાંખ્ય દર્શનમાં પ્રકૃતિ પુરુષ સાથે, અગત્યનો ભાગ ભજવે છે. હિંદુ અને બૌદ્ધ બંનેના તાંત્રીક ધર્મોમાં શક્તિ જ અગત્યનો ભાગ ભજવે છે. અને એને સર્વસર્જન, સર્વપાલક અને સર્વસંહારક તરીકે ગણી છે, બીજા દેવો ગૌણ ગણાય છે.

શક્તિ સંપ્રદાયનો ઉદય પૂર્વવેદકાલના સમયથી થતો મનાય છે. કેટલાક લોકોને મતે માતૃદેવીનો સંપ્રદાય પ્રાચીન પાષાણયુગમાં અસ્તિત્વ ધરાવતો હતો. પરંતુ તેના સ્પષ્ટ પ્રમાણે મળ્યા નથી. પરંતુ નૂતન પાષાણયુગમાં માતૃદેવીની પૂજાનો પ્રચાર વ્યાપક પ્રમાણમાં હોવાનું મનાય છે. આ પૂજા સિરિયા, એશિયા, માયનોર, પેલેસ્ટાઈલ, ક્રીટ અને ઈજિપ્તમાં મળી આવે છે. અલબત્ત આ પુજાનો ઉદભવ કયે સ્થળે થયો હશે તે નક્કી થઈ શકતું નથી. પરંતુ માર્શલના કહેવા મુજબ એ સિંધુ અને નાઈલના પ્રદેશ વચ્ચે વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હતો તે નિર્વિવાદ છે.

## ૧.૩ વ્રત, ઉત્સવ, તહેવારનું મહત્ત્વ

ભારતીય સંસ્કૃતિ એટલે ધર્મની સંસ્કૃતિ, ધર્મ ભારતીય સંસ્કૃતિની પ્રાણ છે. ભારતીય પરંપરામાં ધર્મ અને સંસ્કૃતિ એકબીજાના પર્યાય બની ગયાં છે. ભારતની ભૂમિ અને ધર્મ સંપ્રદાયોનું ઉદ્ભવ સ્થાન છે. આ દરેક ધર્મ-સંપ્રદાયે પોતપોતાની રીતે ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં યોગદાન આપ્યું છે જેમાં મુખ્યત્વે ધર્મશાસ્ત્ર અને જ્ઞાન-વિજ્ઞાન, આચાર-વિચાર, નીતિ-નિયમો અને ધર્મક્રિયાઓ, વ્રતો-ઉત્સવો વગેરેના સમાવેશ થાય છે.

માનવ પ્રાચીનકાળથી જ ઉત્સવ પ્રિય રહ્યો છે. જીવાતા જીવનની નિત્યકર્મક્રિયાની એક સરખી ઘરેડથી જુદી ધર્મ-કરમ આધારીત પ્રવૃત્તિ-ક્રિયાની શાસ્ત્રોક્ત આચાર અને વિચારની સામ્યતા વગેરેને લઈ જુદા જુદા દિવસોએ ધાર્મિક અને પ્રાસંગિક કર્મક્રિયાનું આયોજન તે વ્રતોત્સવો અને તહેવારો છે. આની પાછળની આશય-આચાર વિચારની શુદ્ધિ સેવવી અને ધીરે ધીરે જીવનમાં તેને ટેવ તરીકે અપનાવવાનું આપણા સનાતન વ્રતો. ઉત્સવોઅને તહેવારોમાં જોવા મળે છે. માનવ જીવનમાં ઉચ્ચ ભાવના પામી, ઉચ્ચ કોટીએ કેવી રીતે પહોંચે તે સંસ્કાર-શિક્ષણ કેળવણી આપણા ધર્મમાં યોજાયેલ તહેવારો અને વ્રતો વગેરેમાં જણાય છે.

મનુષ્ય જીવન પર્યંત આગળ કેમ વધે તે ઉદ્દેશ ધ્યાનમાં લઈ જે વિશિષ્ટ તિથિઓ અને કાળ કે ઋતુ મુજબ જે અવસરો આવે તે તહેવારો ગણાય છે. જેના વિધિવત પાલનથી પારમાર્થિક સાધન સાધતા રહી જીવનનો વિકાસ કરતા રહેવાય એ ગર્ભિત વિચારો તેમાં જળવાયેલા છે. શ્રદ્ધા કે પ્રેમનું બળ જેટલું હોય તેટલો ઉત્સાહ પ્રગટે છે. જેટલો ઉત્સાહ હોય તેટલો જ ઉત્સવમાં કે તહેવારમાં આનંદ પ્રાપ્ત થાય છે. જેનું ફળ વર્ષ દરમિયાન પ્રાપ્ત થતું રહે તેવું તેમાં વ્યવહારિક અને ધાર્મિક આયોજન કરેલું હોય છે.

પ્રાચીનકાળમાં શાસ્ત્રોમાં અધ્યયન અને જ્ઞાન પ્રાપ્ત કરી પોતાની ધર્મ સમજી લઈ આચરણ કરતા હતા. અર્વાચીન જડવાદી જમાનામાં સમયના અભાવે કે પરદેશી વિદ્યાના પ્રતાપે શ્રદ્ધાના અભાવે ધાર્મિક જ્ઞાન, વ્રત-ઉત્સવ તહેવારો ભુલાતા ગયા માનવ જીવનનો કોઈપણ વિશિષ્ટ હેતુ સમજ્યા વિના સ્વચ્છંદ વર્તન થવા લાગતાં તહેવારોની મૂળ હેતુ વગેરે વિસરતા ગયા. કોઈપણ ધર્મ પાળતા શિક્ષિતો પણ કેટલીક વખતે વિમાસવું પડે છે કે ગુડીપડવો ક્યો કહેવાય ? નાગ પાંચમ ક્યા માસમાં આવે ? ત્રિપુરાપુર્ણિમા ક્યારે અને કઈ ? દરેક એકાદશીનું નામ શું ? ફળ શું ? અને તે દિવસે કરવાના કૃત્યો અને કર્તવ્યો ક્યા ક્યા ? ઉચ્ચ ભણતર ભણેલા પણ પોતાના તહેવારોથી જ્ઞાત થાય, સ્ત્રીઓ કે જે વ્રતો આચરનાર અને તહેવારોને ઉજળનાર છે. તેઓ ખરી હકીકતથી વાકેફ થાય અગર તો ગાડરીયા પ્રવાહમાં ન તણાતા યથાવિધિ તેની તેમને જાણ થાય અને બાળકોને બચપણથી જ આ જ્ઞાન પ્રાપ્ત થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ.

આપણા ઉત્સવો અનેતહેવારોનું સ્વરૂપ એટલું બધું શુદ્ધ, સાત્ત્વિક અન સરળ છે કે તે આજે સુધી વંશ પરંપરા શ્રધ્ધાથી પળાતા આવ્યા છે. આ વ્રત-ઉત્સવો દ્વારા ચારિત્ર્ય ઘડાય છે. એટલું જ નહિ પરંતુ સંપ, એકતા, સંગઠનના ઉત્તમ ઉપાય તરીકેની ભ્રાતૃભાવની લાગણી ઊગી નીકળે તેવા અંશોતેમાં રહેલા છે. પ્રેમ અને સંપ વધારનાર રામબાણ ઈલાજ આપણા વ્રત-તહેવારો જ છે, અને તહેવારો એ જીવનનું મુખ્ય અંગ છે.

તહેવારો અને ઉત્સવોમાં જે આચાર વિચાર પળાય છે તેની આરોગ્ય સાથે ગાઢ સંબંધ છે શારીરિક અને માનસિક દોષોની નિવૃત્તિ માટે ખાનપાન આદિની કેવી સંબંધ છે તે આપણા આ તસ્વીરોથી સમજાય છે. હાલમાં આ બાબતની સાચી સમજણ ન હોવાના બે કારણો છે (૧) જુનો લોકપ્રવાહ પોતાના આચારો શા માટે પાળે છે તે તત્ત્વદષ્ટિથી જાણતા નથી કે સમજાવી શકતા નથી. (૨) નવો લોકપ્રવાહ પોતાની બુદ્ધિ પહોંચે છે તેટલો જ વાતોની સ્વીકાર કરી બાકીની સારી વાતો કે જે શાસ્ત્રીય સત્યો હોય છે, તે સ્વીકારવાની આનાકાની કરે છે. આથી આધુનિક સમય બદલાયો તેમ જીવન પણ બદલાયા અને આચાર-વિચારની ફેર બદલીથી વૃત્તિઓમાં પણ બદલાવ આવ્યો. તેથી તેના ફળ પણ તેવાં જ મળે છે તે જોઈ શકાય છે. બાકી સુખ, સંપત્તિ અને સિદ્ધિની ઈચ્છા તો દરેકને છે પણ તે મેળવવા શાસ્ત્રોક્ત સાધન જાણવા અને જાણીને આચારમાં ઉતારવા જોઈએ. જેથી ફળ સિદ્ધિ થાય.

આપણા તહેવારોનું મૂળ પૌરાણિક કથાઓ છે. જે સાંભળવાથી કુતૂહલ ઉપજે છે, મનોવૃત્તિ તલ્લીન થાય છે. ચિત્તની વ્યગ્રતા દૂર થઈ સ્વાસ્થ્ય અને ધીરજ મળે છે. બાળકથી માંડીને વૃધ્ધો સર્વ કોઈ કથા-શ્રવણ કરતી વખતે તેમાં મગ્ન થઈ જાય છે અને તે સાથે ધાર્મિક સંસ્કાર-શિક્ષણ મળતું રહેવાથી બુધ્ધિ નિર્મળ રહે છે. આવા સુંદર તત્ત્વો આપણા સનાતન તહેવારોમાં રહેલા છે. જેના યથાયોગ્ય પાલનથી મન અને તન બન્ને સારા અને શુદ્ધ બને છે.

આ વતી-તહેવારી-ઉત્સવોની સામાજિક લાભ પણ છે. આ પ્રસંગે સર્વ વર્ગના લોકો ભેગા થવાથી ભાતૃભાવ વધે છે. વળી એક બીજાની અંદરની મતભેદ નાશ પામે છે. તહેવાર કે ઉત્સવની ઉજવણીના વિશિષ્ટ સ્થાનમાં સદ્ભાવ, ધર્મનિષ્ઠા અને એકતા વધે તેવું આયોજન કરવામાં આવે છે. તે સાથે પરંપરાગત હુન્નરકાળના પ્રદર્શન, વ્યાખ્યાની, રમતગમત તથા અન્ય મનોરંજનના કાર્યક્રમોની ગોઠવણી થાય છે. ઉત્સવો અને તહેવારો હતાશોને આશાવાદી, શ્રમિતોને ઉત્સાહી અને ભગ્નહૃદયીને કર્મવીર બનવાની પ્રેરણા આપે છે. જો તેનું યથાસ્થિત પાલન થાય અને તેમાં રહેલો ભાવ કેટલો ઊંડો અને ઉત્તમ છે. તે સમજાય તો તેનું ફળ પણ ઉત્તમ પ્રાપ્ત થાય છે.

આ સર્વ તહેવારી-વતી-ઉત્સવોમાં ધાર્મિક-સામાજિક તત્ત્વ રહેલું છે. દરેક ઋતુના તહેવારો પાછળ કોઈને કોઈ ઉદેશ-માનવ જીવનના કલ્યાણનો જોવા મળે છે. દિવાળીથી લઈને શ્રાવણ માસના તહેવારી-વ્રત દરમિયાન ધાર્મિક વિશિષ્ટ કર્તવ્ય કરવાના હોય છે. જ્યારે ગણપતિ ચોથ, નવરાત્રિ-નીરતા, મહાશિવરાત્રિ, રામનવમી, મહાવીર જયંતિ, સ્વામિનારાયણના વ્રતો વગે જુદા જુદા દેવોની આરાધના અને વિશિષ્ટ કર્તવ્ય કરવાના ઉત્સવ છે. કેટલાક તહેવારો કે જે ખાસ સ્ત્રીઓમાં પળાતા વ્રતાદિક નિયમોને ઉદ્દેશીને જ નિર્માયા છે. જેવા કે : બોળચોથ, ઋષિપંચમી, વટસાવિત્રિ, મંગલાગૌરી, દીવાસો વગેરે. આ સર્વ વ્રતોનું પાલન કેવળ ગાડકરીયા

પ્રવાહ મુજબ કર્મ કરવા કરતાં સમજીને કરવાથી પરમ સુખ પ્રાપ્ત થાય છે. વ્રત-નિયમ એ સંયમનું એક અંગ છે. અને સંયમ તે યગનું મુખ્ય અંગ-પ્રક્રિયા છે. નિયમથી દરેક સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. નિયમની ભંગ કરવાથી જ સર્વ ઉપાધીઓની શરૂઆત થાય છે. નિયમ પાળવાથી આત્મબળ વધે છે અને આત્મબળની સંવર્ધનથી મનુષ્ય દરેક સિદ્ધિ સાધી શકે છે, માટે વ્રત પાલન-નિયમ પાલન દરેક મનુષ્ય માટે આવશ્યક છે. વ્રત પાલન-નિયમ પાલનથી મનુષ્ય એક્સો વર્ષ જીવી શકે છે એમ શ્રુતિના ''જીજીવિષેત શતગસમા:'' શબ્દો જણાય છે.

## ૧.૪ શક્તિ આરાધનાનું માહાત્મ્ય

''દુર્ગા-સપ્તશતી'' સનાતન શક્તિ ઉપાસના-આરાધના કરતાં જનસમૂદાયમાં ''દુર્ગા સપ્તશતી''નું ઘણું માહાત્મ્ય છે. આ ગ્રંથ મૂળમાં તો ''માર્કણ્ડેય પુરાણ'' ના ૮૧ થી ૯૩ અધ્યાયમાં વર્ણવેલ દેવીમાહાત્મ્ય જ ''સપ્તશતી'' (ચંડીપાઠ) નામે પ્રસિદ્ધ છે. આમાં ૭૦૦ શ્લોકો છે, તેથી સ્તોત્ર 'સપ્તશતી' કહેવાય છે.

ભગવદ્ગીતામાં પણ ૭૦૦ શ્લોકો છે અને શ્રીકૃષ્ણકેન્દ્રમાં છે, તેવી રીતેજ સપ્તશતીમાં ભગવતી કાલિકા કે અંબિકા કેન્દ્રમાં છે. સપ્તશતીનાં લેટિન, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, બંગલા વગેરે અનેક ભાષાઓમાં ભાષાંતર તથા વિવેચનો થયાં છે, જે સપ્તશતની લોકપ્રિયાતા સૂચવે છે. આ સપ્તશતી ઉપર નાની મોટી અનેક ટીકાઓ લખાઈ છે. તેમાં સાત ટીકાઓ મુખ્ય છે.

દુર્ગા-સપ્તશતી-દેવી માહાત્મ્યમાં પરા શક્તિનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન છે. 'શક્તિ'માં '**ज्ञ**' ઐશ્વર્ય વાચક છે અને '**क्तिं**' પરાક્રમ વાચક છે. દેવી ઐશ્વર્ય અને પરાક્રમ સ્વરૂપા હોવાથી તથા તે બંને આપનારા હોવાથી તેમને 'શક્તિ' કહેવામાં આવે છે. એ જ દેવી 'પ્રકૃતિ' નામે પણ વિખ્યાત છે. પ્રકૃતિમાં '**प्र**'નો અર્થ શ્રેષ્ઠ, પ્રકૃષ્ટ એવો થાયછે, અને '**कृति**' નો અર્થ સૃષ્ટિ છે. તેથી સૃષ્ટિમાં જે સર્વોત્તમ છે તે પ્રકૃતિ કહેવાય છે.

## ૧.૫ ઉપસંહાર

દુર્ગા-મહાશક્તિ એક રાષ્ટ્ર શક્તિ કહો કે ભારત માતા કહો, તેનું સ્વરૂપ છે. વ્યક્તિઓનું સંગઠન ધરાવતું રાષ્ટ્ર જ્યારે સિંહના જેવું ઓજસ્વી બલ ધરાવે છે. ત્યારે તેના ઉપર રાષ્ટ્ર શક્તિ-દુર્ગાની કૃપા કરે છે. કોઈ પણ સમાજની શક્તિઓ જો છૂટી છવાઈ, વરેણ-છરેણ જાય છે તો તે ભલે દેવો હોય તેમનો પણ પરાજ્ય થાય છે; પણ એ બધી શક્તિ, જ્યારે સામૂહિક રૂપમાં સંગઠિત બને છે, હજારો બાહુથી યુક્ત બને છે ત્યારે આસુરી શાસનને પરાજિત કરી શકાય છે. અન્યાય, દુરાચાર, ભ્રષ્ટાચારનો સામનો કરી શકાયછે. જ્યારે ભારતમાતા વિદેશીય આક્રમણ કે શાસનના પ્રભાવ નીચે હતી, ત્યારે એક નવી શક્તિ શહીદો, રાષ્ટ્રવીરો, સત્યાગ્રહીઓ રાષ્ટ્રના કર્ણધારોમાં પ્રગટ થઈ, અને હજારો હાથ ધરાવતી શક્તિએ ''**संघे शक्तिः कलौ युगे**'' સૂત્ર અનુસાર વ્યાપક રૂપ લઈ, આખરે ગુલામના મહિષાસુરનું દલન કર્યું

## સંદર્ભ ગ્રંથ

રામજીભાઈ સાવલિયા, ગુજરાતની હિંદુ દેવીઓનું પ્રતિમાવિધાન (ગુ.હિ.દે.પ્ર.), અમદાવાદ, ૧૯૯૧.

દુ.કે. શાસ્ત્રી, ગુજરાતના તીર્થસ્થાનો

પી. સી. પરીખ, શક્તિ પૂજા અને શાક્ત સંપ્રદાય